



મહાત્મા બુદ્ધને એક વાર રસ્તામાં અંગુલિમાલ નામનો ભયંકર ડાકુ મળ્યો. માણસને લૂંટીને એમની આંગળીઓ કાપી એની માળા પહેરતો. એણે બુદ્ધને જોઇ હાક મારી થોભી જા! બુદ્ધે તેના તરફ કરુણાભરી દ્રષ્ટિએ જોઈને કહ્યું કે - ''હે અંગુલિમાલ! હું તો થોભ્યો છું પણ તું થોભી જા...!!''

બસ! તીર નિશાન પર લાગી ગયું. મહાત્મા બુદ્ધની કરુણા અને પ્રેમના પ્રકાશમાં એની અંતરની દ્રષ્ટિ ખૂલી ગઈ. બુદ્ધે એને કહ્યું કે - ''જા સામે લીમડાનું ઝાડ છે, એનાં ચાર પાન તોડીને લઈ આવ.'' અંગુલિમાલ માટે તો એ રમતવાત હતી. ચાર પાન તોડીને લઈ આવ્યો.

બુદ્ધે કહ્યું - ''જા - હવે એને પાછા જોડી દે.''

અંગુલિમાલે કહ્યું - ''એ કેવી રીતે બને?''

ત્યારે બુદ્ધે કહ્યું કે ''તોડવું સહેલું છે પણ જોડવું બહુ મુશ્કેલ છે! તેં આજ સુધી તો તોડવાનું જ કામ કર્યું છે, તું શું જાણે એની વેદના?!!''

નાની સરખી સોય 'સર્જનનું' કાર્ય કરે છે. દુનિયાને કંઈક નવું આપે છે, જ્યારે તલવાર, પિસ્તોલ - અણુબોમ્બ સ્વરૂપ - દેખાવ મોટો પણ શું કામનાં? ફક્ત તોડવાનું, વિનાશ કરવાનું કામ કરે છે. આપણે સૌ પણ લઘુમાં રહેલી શક્તિ પીછાણીએ, સોયની જેમ એકબીજાને જોડવાનું કાર્ય કરીએ.

આપણી જીભ પણ કેવું કામ કરે છે? જીભ જેવું VIP અંગ ના હોય તો? મનુષ્ય એટલે 'જીભ' બોલવાનું અને ખાવાનું કામ કરે. શ્રીમદ્ ભગવદ્ગીતાની પેઠે જ્ઞાન અને કર્મનો સુંદર સમન્વય સાધી બતાવે છે. જીવન એટલે કેવળ સ્વાદેન્દ્રિય નથી બલકે મૌખિક અભિવ્યક્તિનું મૂલ્યવાન માધ્યમ છે. જેના દ્વારા માનવી પોતાના વિચારો, લાગણીઓ, માગણીઓ, હર્ષાવેશો, ક્રોધાવેશો બધું બોલીને વ્યક્ત કરે છે.

જીભમાં અમૃત પણ છે અને વિષ પણ છે. જીભ માણસને ઊંચે પણ ચડાવે છે તેમ તેને નીચે પણ પાડે છે. ઘરમાં હોઈએ કે નોકરી પર, જીભ જેટલી મીઠી અને વિવેકી તેટલી તેની પ્રગતિ ઝડપી બને છે. જીભ સંબંધો તોડે પણ છે અને જોડે પણ છે.

**આપણી વાણી જોડવાનું અને તોડવાનું બંને કામ કરે છે. કોઈની વાણી એટલી જલદ હોય છે કે સાંભળનાર માણસ ઊભો ને ઊભો અંદરથી સળગી ઊઠે છે. જ્યારે કોઈની વાણી દાઝેલાને, ભીતરથી દુખિયારાને શીતળતા અર્પે છે. વાણીને કારણે જ સંયુક્ત કુટુંબો પણ તૂટીને વિભક્ત બન્યાં છે. માનવ ઈતિહાસને પાને અનેક યુદ્ધો વાણીને કારણે ખેલાયાં છે**

## જીવન સરગમ

બિન્દુબેન કચરા

આંતરરાષ્ટ્રીય સંબંધમાં જીભ મહત્ત્વનો ભાગ ભજવે છે. એલચીઓ, પ્રધાનો તથા વડા પ્રધાનો બીજા દેશોના પ્રતિનિધિઓ સાથે જે વાતચીત કરે છે તેમના પર તેમના દેશના સંબંધોનો આધાર રહે છે. આપણા વડા પ્રધાન વિદેશોમાં ફરી ફરીને સંબંધો વધારવાનું જ કામ કરે છે ને! દેશ દેશ વચ્ચેના રાજકીય સંબંધો એટલા નાજુક હોય છે કે વાણીની જરા સરખી હેરફેરમાં એ વિકસે કયાં તો વણસે છે, તેમની જીભને લીધે જ દેશની ચડતી થાય છે કે પડતી થાય છે. તેમની જીભ પરથી નીકળતાં ઉગ્ર વચનો દેશને યુદ્ધને આરે લાવી દે છે.

આમ આપણી વાણી જોડવાનું અને તોડવાનું બંને કામ કરે છે. કોઈની વાણી એટલી જલદ હોય છે કે સાંભળનાર માણસ ઊભો ને ઊભો અંદરથી સળગી ઊઠે છે. જ્યારે કોઈની વાણી દાઝેલાને, ભીતરથી દુખિયારાને શીતળતા અર્પે છે. વાણીને કારણે જ સંયુક્ત કુટુંબો પણ તૂટીને વિભક્ત બન્યાં છે. માનવ ઈતિહાસને પાને અનેક યુદ્ધો વાણીને કારણે ખેલાયાં છે.

મહાભારતમાં પાંડવોએ અયદાનવ અને મયદાનવની મદદથી ભવ્ય મહેલ બંધાવ્યો હતો. તેમાં જળ હોય ત્યાં સ્થળનો અને સ્થળ હોય ત્યાં જળનો આભાસ થતો હતો. કૌરવોને પાણીનો ભ્રમ થવાથી તેમણે પોતાના કપડાંની કાળજી લીધી. આ જોઈને દ્રૌપદીએ ટોણો માર્યો કે - 'આંધળાના છોકરા આંધળા જ હોય ને!' આ અભિમાન ભરેલી વાણીને કારણે મહાભારતનું યુદ્ધ ખેલાયું અને કુરુક્ષેત્રના મેદાન પર નરસંહાર ખેલાયો. વાણીનો સંયમ ખૂબ જરૂરી છે. - ઉપનિષદના દ્રષ્ટિકોણે આત્મોન્નતિ માટે નિર્મળ વાણી કેળવવાની બાબત પર ભાર મૂક્યો છે. ભાષા એટલે કે વાણી એવી રીતે ઉચ્ચારવી કે મન-વચન અને કાયાથી કોઈ પણ જીવની હિંસા ન થાય નહીં. પ્રેમભરી, હિતકારી, કોમળ વાણી ઉચ્ચારવામાં જ મનુષ્યનો ધર્મ રહેલો છે. જૈનધર્મે પણ 'સમ્યક્ વાણી' પર એટલે સારી વાણી બોલવી તે બાબત પર ભાર મૂક્યો છે.

સંસ્કારમાં બોલાતી વાણી ડગલે ને પગલે સંબંધ તોડવાનું કામ કરે છે. વાણી એ મનુષ્યના સંસ્કારને અભિવ્યક્ત કરે છે. પશ્ચિમના એક વિવેચકે કહ્યું છે કે 'Open your mouth and I will tell your culture' સંયમવાળી, સંવાદી વાણી શાંતિ સ્થાપવામાં મદદરૂપ થઇ શકે છે. 'મૌન' કેળવવાની બાબત પર પણ સંતો અને વિચારકોએ ભાર મૂક્યો છે.આજના માણસના સ્વભાવમાં અશાંતિ વણાઈ ગઈ છે. માણસની વિષમ યુક્તિ અને પ્રવૃત્તિ તેને ખીણ તરફ ધકેલે છે. આતંકવાદી પણ આ રીતે જ બન્યા છે. માણસમાં રહેલી વિકૃતિને કોઈનું સારું જોવું ગમતું નથી. બસ, સવાર થાય ને એક જ વાત - કોને મારી નાંખીએ, કોને કાપી નાંખીએ - મનમાં નીચ વૃત્તિ - આજે સર્વત્ર આતંકવાદ વકર્યો છે. શાંતિના કબૂતરની પાંખો કપાઇ ગઈ છે અને એનાં પીંછાં ઊડી રહ્યાં છે, પ્રેમ અને કરુણા હશે તો જ કબૂતરનો પુનર્જન્મ થશે. મનુષ્યમાં મનુષ્યત્વ સાકાર કરવાનું છે.

શ્રી બાલમુકુન્દ દવેની પંક્તિ યાદ આવે છે:

**'બુદ્ધ, મહંમદ, સોક્રેટિસ, ઈસુ અને ગાંધી આવ્યા અને ગયા મંત્રાંજલિ છાંટીને તોય આપણે કોરાકટ...!!'**

આજે માનવને કાતરની નહિ સોયની જરૂર છે. સોય સંવાદિતા જાળવે છે. સંબંધોને જોડે છે. કાતર, તલવાર સંબંધોના બે ફાડચા કરે છે. એક વાર પડેલી તડ જીવનમાં સંધાતી નથી. જીવનને અજવાળવાનો કીમિયો કવિ જયંત પાઠકની પંક્તિમાં જોઈએ:

**'સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર બાદબાકી બુરાઈની, ભ્રમનો ભાગાકાર'**

તો વાચકમિત્રો...! ધર્મ એ એકબીજાને જોડવાનું કામ કરે છે, તોડવાનું નહિ. ધર્મ એ મંદિર કે મસ્જિદમાં કે ગિરજાઘરમાં પૂરી રાખવાની બાબત નથી, પરંતુ એ જીવન જીવવાની કળા છે. આપણે આસપાસની વ્યક્તિઓની ઝીણી ઝીણી લાગણીઓનું જતન કરીએ. જીવમાંથી શિવ- ખુદમાંથી ખુદા- વ્યક્તિમાંથી વિભૂતિ - માનવમાંથી મહેશ્વર થવું એ આપણા જીવનની અંતિમ મંઝિલ હોવી જોઈએ. કર્તવ્યપાલન એ જ ઈશ્વરની ભક્તિ છે. ધર્મની સીધીસાદી વ્યાખ્યા તો આવી હોઈ શકે - 'માણસનું કલ્યાણ કરે તે ધર્મ અને લોહીલુહાણ કરે તે અધર્મ.' તો મિત્રો સૌના જીવનમાં મીઠાશ ભરી દો. સંબંધોની ગરિમા સાચવો...!

